ॐ

''સર્વોત્કૃષ્ટ શુદ્ધિ ત્યાં સર્વોત્કૃષ્ટ સિદ્ધિ'' ... શ્રીમદ્ રાજચંદ્ર



# ગોરક્ષા પાત્ર

ગોરક્ષા + સત્યાગ્રહ + ભ્રષ્ટાચાર નિર્મુલન આંદોલન = સંપૂર્ણ અહિંસક ક્રાંતિનું માસિક મુખપત્ર

અંક -૧૮ ૧ જુલાઈ ૨૦૧૬ પાના-૮ લવાજમ વાર્ષિક-રૂ.૧૦૦/-

## રાજવાણી - માર્ગ'

માર્ગ સરળ છે, પ્રાપ્તિ દુર્લભ છે.

જીવને માર્ગ મળ્યો નથી એનું શું કારણ ? અમને લાગે છે કે માર્ગ સરળ છે. પણ પ્રાપ્તિનો યોગ મળવો દુર્લભ છે.

ભાવ અપ્રતિબધ્ધતાથી નિરંતર વિચરે છે એવા જ્ઞાની પુરુષનાં ચરણારવિંદ, તે પ્રત્યે અચળ પ્રેમ થયા વિના અને સમ્યક્ પ્રતીતિ આવ્યા વિના સત્સ્વરૂપની પ્રાપ્તિ થતી નથી, અને આવ્યેથી અવશ્ય તે મુમુક્ષુ જેનાં ચરણારવિંદ તેણે સેવ્યા છે, તેની દશાને પામે છે. આ માર્ગ સર્વ જ્ઞાનીઓએ સેવ્યો છે, સેવે છે અને સેવશે. જ્ઞાનપ્રાપ્તિ એથી અમને થઈ હતી, વર્તમાને એ જ માર્ગથી થાય છે, અનાગત કાળે પણ જ્ઞાન પ્રાપ્તિનો એ જ માર્ગ છે. સર્વ શાસ્ત્રોનો બોધ લક્ષ જોવા જતાં એ જ છે. અને જે કોઈ પણ પ્રાણી છૂટવા ઈચ્છે છે તેણે અખંડવૃત્તિથી એ જ માર્ગને આરાધવો. એ માર્ગ આરાધ્યા વિના જીવે અનાદિકાળથી પરિભ્રમણ કર્યું છે. જ્યાં સુધી જીવને સ્વચ્છંદ રૂપી અંધત્વ છે, ત્યાં સુધી એ માર્ગનું દર્શન થતું નથી. (અંધત્વ ટળવા માટે) જીવે એ માર્ગનો વિચાર કરવો; દ્રઢ મોક્ષેચ્છા કરવી; એ વિચારમાં અપ્રમત રહેવું, તો માર્ગની પ્રાપ્તિ થઈ અંધત્વ ટળે છે, એ નિ:શંક માનજો. અનાદિકાળથી જીવ અવળે માર્ગ ચાલ્યો છે. જોકે તેણે જપ, તપ, શાસ્ત્રાધ્યયન વગેરે અનંતવાર કર્યું છે; તથાપિ જે કંઈપણ કરવા યોગ્ય હતું તે તેણે કર્યુ નથી; જે કે અમે પ્રથમ જ જણાવ્યું છે. માર્ગ અને ઉત્માર્ગનું ઓળખાણ થવું જોઈએ. સાચો માર્ગ એક જ છે; માટે આગ્રહ રાખવો નહીં, હું ઢુંઢિયો છું, તપો છું, એવી કલ્પના રાખવી નહીં. બાહ્ય પરિચયને વિચારી વિચારીને નિવૃત કરવો એ છૂટવાનો એક પ્રકાર છે. જીવ આ વાત જેટલી વિચારશે તેટલો જ્ઞાની પુરુષનો માર્ગ સમજવાનો સમય સમીપ પ્રાપ્ત થશે. જેટલી આકુળતા છે તેટલો માર્ગનો વિરોધ છે, એમ જ્ઞાની પુરુષો કહી ગયા છે. વ્યવહારિક પ્રસંગ સંબંધી ચોતરફથી ચિંતા ઉત્પન્ન થાય એવા કારણો જોઈને પણ નિર્ભયતા, આશ્રય રાખવા યોગ્ય છે. માર્ગ એવો છે.

ભવસ્થિતિની પરિપકવતા થયા વિના, દીનબંધુની કૃપા વિના, સંતના ચરણ સેવ્યા વિના ત્રણે કાળમાં માર્ગ મળવો દુર્લભ છે.

જ્ઞાની અનુકંપા અર્થે માર્ગ બોધે છે. જે જ્ઞાનીપુરુષના વચનથી આત્મા ઊંચો આવે તે સાચો માર્ગ, તે પોતાનો માર્ગ.

**- શ્રીમદ્ રાજચંદ્ર.**

**સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો**
**... શ્રીમદ્ રાજચંદ્ર**

## સોક્રેટીસ અને પ્લેટોના જીવન સૂત્રો

If you but choose wisdom all things will be added un to it, in time.

''હું કશું જાણતો નથી'' એટલું હું જાણું છું હા, એટલા પુરતો હું ડાહ્યો ખરો. ઈશ્વરે માણસને બુધ્ધિ એટલા માટે આપી છે કે એ જાણે કે હું કશું જાણતો નથી.

ઈશ્વરી સહાય વિના ડાહ્યા કહેવાતા એવા સમર્થનું ડહાપણ પણ ઘણી વખત મિથ્યા નીવડે છે. દુર્ગુણોને વશ કરી સદગુણોને મુક્ત કરો.

દેવો માત્ર મંદિરમાં જ નહિ, માણસના દિલમાં પણ વસે છે.

સાચા જ્ઞાન વગરના વિદ્વાનો એક અભણ માનવી જેવી જ ભૂલો કરતા હોય છે. સાચી સમજ ધરાવે તે સમાજ, બાકીનું ટોળું.

પોતાના દોષ શોધી શકે તે સાચો શોધક. નિર્દોષને દંડનારના દિલમાં વહેલો કે મોડો પશ્ચાતાપ થાય જ છે.

જેમણે સત્યની શોધ કરવાની હોય તેમણે સાહસ કરતાં ડરવાનું ન હોય.

સત્ય એ ખુદ સુંદર વસ્તુ છે. આત્મ નિરીક્ષણ વગર જીવન વ્યર્થ છે. સત્યને સેવો તેના સિવાયનું બધું જ નાશવંત છે.

વિચારોની અસ્થિરતામાં ડહાપણ હોતું નથી.

લોકો પ્રત્યે મને પ્રેમ છે પરંતું ટોળાશાહી સાથે મને વાંધો છે.

પોતાને થયેલું દરદ વૈદ્યની પાસે સંતાડનાર કદી પણ સારો થઈ શકતો નથી. મૈત્રીનું સુખ તો દેવલોકમાંય દુર્લભ છે બે ખોળિયામાં અવાર નવાર થતી જીવની બદલી તે મૈત્રી. વ્યક્તિગત આત્મામાં તેમજ સામાજીક બંધારણમાં એકતા અને સુખશાંતિ લાવે તે ધર્મ.

મહત્વાકાંક્ષા અને લોભ ખરેખર કલંક છે.

ખરી કેળવણીના અભાવમાંથી, ખરાબ શિક્ષણ થકી અને અનિષ્ટ રાજ બંધારણને લીધે ડંખીલા, વેરીલા અને ઝેરીલા બદમાશો જન્મે છે. આ બધો મુડીવાદી રાજ્ય વ્યવસ્થાનો પરિપાક છે.

જેમનું મન મનુષ્ય સ્વભાવની આરપાર નીહાળી શકે એવો વિશદદ્રષ્ટિવાળો માનવી જ સાચો ન્યાય આપી શકે.

સત્યાભિમુખ: જ્ઞાનનું તત્વ સર્વાંશે સત્યાભિમુખ હોય છે. લાભ અને કીર્તિ માટે તેને ઘણી ઓછી દરકાર હોય છે. આવો સત્યાભિમુખ માનવી વિવેકાભિષી હોય છે. તેઓ પોતાનું સુખ જ્ઞાનમાંથી આપબળે સર્જે છે. આવો જ્ઞાની જો કીર્તિની પાછળ પડે તો તે વધુ દુ:ખી થાય છે.

**- સંપાદક : અનુભવાનંદજી અનુ. શ્રીમતી ચારુલતા બારાઈ.**

# જૈન સાહિત્ય જ્ઞાનસત્ર સમારોહ-૧૪મો

અમરેલી મુકામે તા.૧૮/૧૯ જૂન ૨૦૧૬ બે દિવસનું જ્ઞાનસત્ર યોજાઈ ગયું. વિષય હતા: આદર્શ કેળવણીનું ઉપનિષદ અને જૈન દર્શનમાં કેળવણીનો વિચાર ગુણવંતભાઈ બરવાળીયા, સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફિકલ સેન્ટરના ટ્રસ્ટીએ આ આયોજન કરેલ. અનેક મુર્ધન્ય લેખકો-વક્તાઓએ પોતાના શોધપત્રો પ્રસ્તુત કરેલા. વિશેષતા એ હતી કે જ્ઞાનસત્રની સાથે જ આ વિધ્વાનોના પ્રાપ્ત શોધપત્રોને ''આદર્શ કેળવણીનું ઉષનિષદ'' નામે ગ્રંથસ્થ કરીને સહુને આપવામાં આવેલ. આવું ભાગ્યે જ થાય છે. આવેલા નિબંધકારોએ પોતાના લેખનું ટુંકમાં વાંચન કરેલ અમે પણ અમારું વક્તવ્ય આપેલ જેનો ટુંક સાર નીચે મુજબ છે.

વર્તમાન સભ્યતાને યંત્રમાનવ ખપે છે અને લોકો સાહજીકપણે સંપાદિત કરેલા સ્વાવલંબનની ટેવો ગુમાવી રહ્યા છે અને યંત્રોમાં ફેરવાઈ ગયા છે. સાથે સાથે યંત્રોના પૂર્જાઓમાં ફેરવાઈ ગયા છે. આ બધાનો અંત ક્યાં આવશે અને અંત કે બહાર નીકળવાનો માર્ગ ક્યો છે એ કહેવું અશક્ય છે અથવા તો એનો કોઈ અંત કે બહાર નીકળવાનો માર્ગ છે કે નહી એ પણ કહેવું અશક્ય છે. માત્ર એક જ ચીજ નિશ્ચિત છે અને તે એ કે મનુષ્યની ગુલામી વધતી જાય છે. તેમાં ઉમેરો થતો જાય છે. મનુષ્ય સામે ચાલીને ગુલામ બની રહ્યો છે. હવે તેને જંજીરોની જરૂર નથી પડતી. તેને ગુલામીનું ઘેલું લાગ્યું છે. તે ગુલામીનું ગૌરવ અનુભવવા માંડ્યો છે અને મનુષ્ય પર જે ઘટી શકે એવી સૌથી ભયંકરમાં ભયંકર આ ઘટના છે. **ગુર્જીએફ**

સ્વામી વિવેકાનંદે કહ્યું છે જો માર્ગ પર સમસ્યા ન આવે, તો સમજજો એ માર્ગ જ ખોટો છે. જિંદગીનું કામ છે પરીક્ષા લેવાનું. જિંદગીમાં સમસ્યા અને સંઘર્ષ સંપીને રહે છે. ઉપાય અને સમાધાન કોઈ જણ એને શોધતો શોધતો આવે એની પ્રતીક્ષામાં હોય છે.

માત્ર કમાવાની કલા શીખવે તેને ભણતર કહેવાય. પણ સાથે સાથે, કમાવવા ઉપરાંત જીવન જીવવાની કલા શીખવે તેને કેળવણી કહેવાય.

માણસની ભીતર શક્યતાનું સરોવર હિલોળા લેતું હોય છે કોઈપણ માણસ સામાન્ય નથી હોતો. એને જ્યારે અંદરનો અવાજ સંભળાય ત્યારે ભીતર પડેલી શક્યતા આળસ મરડીને બેઠી થાય છે. કોઈ માણસ નાનો નથી હોતો. પ્રત્યેક માણસની ભીતર કશુંક એવું રહસ્ય છુપાયું છે, જે પ્રગટ થવાનું બહાનું શોધી રહ્યું છે. કેરીમાં રહેલા વિટામીન એ વિષે કેરી અજાણ છે. માણસ કેરી નથી, માણસ છે એ તો અપ્રગટ ભગતરામ છે, જેનામાં બેઠેલો કવિ સુષુપ્ત છે. આપણે ક્યારે જાગશું ?

ઘણા જ્ઞાનસત્રો યોજાય રહ્યા છે. એનાથી ઘણી નવી પ્રતિભાઓ-લેખકો-વિધ્વાનોને પ્લેટફોર્મ મળ્યું છે. સારા સારા શોધ નિબંધો પણ મળે છે. પણ એના પછી Follow up ભાગ્યે જ થાય છે. ખાસ તો જ્ઞાનસત્રનું કામ છે માનવીની અંદર જે અનેક શક્યતાઓ પડેલી છે તેને બહાર લાવવી. જ્ઞાનસત્રની પ્રવૃતિ આમ જોઈએ તો બાહ્યમુખી પ્રવૃત્તિ છે. આપણે અંતરમુખી થવાનું છે તો જ મળેલા સુચનોને આકાર મળી શકે. જ્ઞાનસત્રો નવા નવા વિષયોને લઈને થઈ રહ્યા છે અને થવા જોઈએ જ્ઞાનસત્રનું આયોજન બહુ મોટી શક્તિ સંપતિ સમય હોય ત્યારે થાય છે જે કરે છે એ બધાને ધન્યવાદ અભિનંદન પણ દિશા-લક્ષ સ્પષ્ટ નથી એટલે એ સમાજોપયોગી નથી થતા. આપણે આ શક્તિ સંપત્તિને કેમ સમાજોપયોગી બનાવી શકીએ એ તરફ ધ્યાન દેવાની જરૂર છે આજે જ્ઞાનસત્રોએ એક ખાસ કામ કરવાની જરૂર છે કે સાધકોને શોધી એની અંદર જે શક્યતાઓ પડી છે તેને પુરી સગવડ આપી બહાર લાવવાની જરૂર છે. જૈન સાધુઓને સમાજ સંપૂર્ણ સહાય સાધના માટે પુરી પાડે છે, એવી જ સગવડ સાધકોને-નાતજાતના ભેદ વગર સમાજે પુરી પાડવાની જરૂર છે. આપણે એકાદ વિવેકાનંદ-એકાદ ગાંધી ને તૈયાર કરી શકીએ એ સમયની માંગ છે. હજારો સાધકોને સગવડ આપીએ, કરોડોનો કદાચ ખર્ચ થાય, અને એમાંથી એકાદ આવો હીરો સો વરસે મળે તો પણ એ કરવા જેવું કામ છે બાકી માહિતી જ્ઞાનનો ઢગલો આજે વિજ્ઞાનના પ્રતાપે આંગળીને ટેરવે મળી જાય છે. માહિતીની જરૂર કરતા અનેક ગણી જરૂર સાચા જ્ઞાનની છે, જે આજની કેળવણીમાં મળવાની શક્યતા પ્રાય: નથી. સાચી કેળવણીને આકાર મળે એ જ છે જ્ઞાનસત્રોની સફળતા એવી સફળતાને પામીએ એજ પ્રાર્થના. ''એક ઉદાર શિક્ષકની ઉદાર વાતો'' અને ''માતૃભાષામાં શિક્ષણ પ્રતિબધ્ધતા''' આ અંકમાં કેળવણી કેવી હોય, શિક્ષક કેવા હોય એ માટે આ બે લેખ વિચારવા જેવા છે. **તંત્રી**

# મુનિશ્રી સંતબાલજી

આપણા દેશમાં સત્તા, કીર્તિ કે લક્ષ્મી કરતાં સંતપુરુષ અને ચારિત્રશીલ વ્યક્તિઓનું જ વધારે સન્માન થાય છે. સંતબાલે જૈન સાધુના કેટલાક આચારમાં છૂટછાટ લીધી, પણ મૂળ વ્રતો અને મુનિવેશ કાયમ રાખ્યાં. અપરિગ્રહ અને બ્રહ્મચર્ય સાધુતાનાં પ્રધાન લક્ષણો છે. આ બે વ્રતનું પાલન નિષ્ઠાપૂર્વક થાય તો બીજા આચારો પ્રમાણમાં ગૌણ છે. સંતબાલે આ બંને અખંડપણે પાળ્યાં અને તે સાથે જૈન મુનિના બીજા ઘણા આચારો-પાદવિહાર, ગૌચરી, તપશ્ચર્યા વગેરેનું ચુસ્તપણે પાલન કર્યું, પણ આરંભ-સમારંભ કહેવાય એવાં લોકકલ્યાણનાં કાર્યોમાં સક્રિય રીતે જોડાયા.

સંતબાલ લાગણીપ્રધાન હતા. તેમની મહત્ત્વાકાંક્ષાઓ પણ મોટી હતી. ચિંચણીની સંસ્થાને આંતરરાષ્ટ્રીય સ્વરૂપ આપ્યું હતું. વિચારોની બહુ સ્પષ્ટતા ન હોય તોપણ લાગણીનાં પૂર વહેતાં.

જૈન સમાજનો શ્રમણવર્ગ વર્તમાનમાં કાંઈક અરાજક સ્થિતિમાંથી પસાર થઈ રહ્યો છે. અત્યંત રૂઢિચુસ્ત સાધુ-સાધ્વીઓ જોવા મળે છે, તેમ પ્રગતિશીલતા કે ધર્મપ્રચારને નામે નર્યો સ્વચ્છંદ પણ જોવા મળે છે. આ બે છેડા વચ્ચે ઘણા પ્રકાર છે અને મનફાવે તેમ વર્તન થાય છે. શ્રાવકવર્ગ ધાર્મિક બાબતમાં અજ્ઞાન અને અંધશ્રદ્ધાળુ છે અને દરેક પ્રકારના સાધુને કોઈ ને કોઈ શ્રાવકોનો ટેકો મળી રહે છે. ખાસ કરી, તાજા પૈસાવાળા થયેલ શ્રાવકો પોતાની નામના માટે અથવા કહેવાતા સંતોના આશીર્વાદ માટે સાધુઓ કહે તેમ વર્તે છે અને છૂટથી પૈસા વેરે છે. (આજની વાસ્તવિક પરિસ્થિતિને વરસો પહેલા લેખક જોઈ શક્યા છે. **તંત્રી**)

સંતબાલ સાચા સાધુપુરુષ હતા. એ સાધુતાને કારણે જ તેમની પ્રેરણાથી ઘણાં લોકકલ્યાણનાં કાર્યો થયાં અને અનેક ભાઈ-બહેનોનાં જીવન ધન્ય થયાં - **સ્વ.ચીમનલાલ ચકુભાઈ શાહ, 'સમય ચિંતન' માંથી સાભાર, પ્રેષક : શાંતીલાલ ગડા. ''જેસ્પા'' માંથી સાભાર.**

## ''પ્રેમનો પીયાલો તમને પાઉને પીઉ'' ભા.રજો

અમારો જન્મ ૧૯૫૦માં મુંબઈમાં થયેલ. પિતાશ્રી મુંબઈમાં રહેતા અને પાછળથી પાછા દેશમાં આવેલ અને પાછા મુંબઈ આવી ગયેલ. અમે ત્રણ ભાઈ બહેન મોસાળ બગસરામાં નાના મોટા થયા. બે વરસ વડિયા બોર્ડીંગમાં બે વરસ જુનાગઢ બોર્ડીંગમાં અને મેટ્રીક રાજકોટ બોર્ડીંગ અને આલ્ફ્રેડ હાઈસ્કુલમાં પાસ કરેલ. અમારા માતુશ્રી દીક્ષા લેવાના હતા પણ એક જ દીકરી હતા તેથી કુંટુંબની રજા ન મળી અને સંસાર માંડવો પડ્યો. અમારું સ્થાનકવાસી જૈન કુટુંબ. મારા નાની દિવાળીમાં અને નાનીના બા ઝકલમા અને મારા માતુશ્રી અને અમે ત્રણ બાળકો ઘરમાં આવક કશી નહી પણ ખુમારી પૂર્વક નાના મોટા કામ કરીને ઉપાશ્રયની કે કોઈ સંસ્થાની સહાય લીધા વગર અમને સાચવ્યા છે, મોટા કર્યા છે અને સંસ્કાર આપ્યા છે. પિતાશ્રી તો મુંબઈ રહેતા હતા.

ભણવામાં ખાસ તેજસ્વી ન હોતા. પણ ૫૫-૬૦ ટકાએ હંમેશા પાસ થતા રહેલા. સ્થાનકવાસી જૈનમાં જન્મ એટલે સ્થાનકવાસી સાધુસાધ્વીનો થોડો પરિચય-સંસ્કાર રહ્યા એટલે પાઠશાળામાં પણ એજ પરંપરા શીખવા મળેલ. વડિયા બોર્ડીંગમાં પંડિત રોશનલાલજી જે જૈન સાધુ સાધ્વીઓને ભણાવતા હતા તેના હાથ નીચે પાઠશાળાનો અભ્યાસ થયેલ. એમણે ભલે થોડો પણ સરસ રીતે ધાર્મિક અભ્યાસ કરાવેલ. પ્રતિક્રમણ સામાયિક શીખવાનું મળ્યું. ધાર્મિક પરીક્ષા ૧લી ૨જી શ્રેણી સારા માર્કે પાસ કરેલ. આ થયો સામાન્ય પરિચય.

મેટ્રીક પછી ૧૯૬૭માં મુંબઈ આવવાનું થયું પાર્લા કોલેજમાં એડમીશન મળ્યું સાયન્સમાં પણ મીડીયમ ઈંગ્લીશ તેથી કાંઈ પલ્લે પડ્યું નહી અને અભ્યાસ છોડી નાની નોકરીએ લાગ્યા. બેનના લગ્ન દેશમાં થઈ ગયેલા. પછી અમે બધા પિતાશ્રી, માતુશ્રી તથા અમે બંને ભાઈ મુંબઈ આવેલા મલાડ ડુંગરીપર પતરાની સીંગલ રૂમમા રહેતા. મ્યુનીસીપાલીટીના સંડાસ હતા. પિતાશ્રી પણ નોકરી કરતા હતા. અમારી નોકરીઓ બદલાતી રહી. ત્યાંથી એક નિરલોન કો.ઓ. સહકારી માં લાગ્યા. એના મેનેજર જૈન, એ અહિથી છૂટી ચર્ચગેટ ટોક ઓફ ધ ટાઉન રેસ્ટોરન્ટમાં લાગ્યા મને પણ ત્યાં સાથે લઈ ગયેલ. એક જૈન હોવા છતાં વેજ-નોનવેજ હોટેલમાં એકાઉન્ટ ડીપાર્ટમેન્ટમાં નોકરીએ રહેલા. નોકરી ૧૦થી ૬ની હતી. અહિંથી એક એકસપોર્ટ કંપનીમાં એકાઉન્ટન્ટ તરીકે નોકરીમાં લાગ્યા એમનો ધંધો શાકભાજી, માંસ અને જીવતા પશુઓની નિકાશ દુબઈમાં કરતા હતા તે હતો. ખેદ રહેતો હતો પણ એમાંથી છુટવાનું થયેલ નહીં.

અમારી અત્યાર સુધીની યાત્રામાં લગભગ ૧૯૭૦ સુધી શ્રીમદ્ રાજચંદ્રજીનું નામ પણ સાંભળેલ નહોતું. એકવાર એક કુંટુંબીજનની સાદડીમાં કલ્યાણ જવાનું થયેલ. ત્યાં મારા મામા ભગવાનદાસ મણીલાલ લાખાણી, ઘાટકોપર રહે છે તેમણે કહ્યું, ''અમારા ઘાટકોપરમાં શ્રીમદ્ રાજચંદ્ર મંદિર''માં સરસ ભક્તિ સ્વાધ્યાય થાય છે. એક બે વાર ગયો ભક્તિમાં રસ પડ્યો પછી તો અવાર નવાર જવાનું થયું શશીકાંતભાઈ, મંજુલાબેનની ભક્તિ ગમવા લાગી પર્યુષણમાં વજુભાઈ ખોખાણીનો લાભ લગભગ પાંચેક વરસ મળ્યો. કેટલીક વખત દેવલાલીમાં જયસિંહભાઈની ભક્તિનો લાભ પણ મળતો રહ્યો. ધીમે ધીમે સ્થાનકવાસી મટીને હું શ્રીમદ્‌મય થઈ ગયો. એમાં કંઈ તીવ્ર વૈરાગ્ય કે જિજ્ઞાસા એવું કશું નહોતું પણ એ ગમતું હતું એટલું જ, માતુશ્રીએ ટકોર પણ કરીકે તું તો હવે ઉપાશ્રયે આવતો જ નથી. આપણો કાંઈ ધાર્મિક અભ્યાસ નહોતો. તેથી સરખામણીનો સવાલ જ નહોતો પણ સહજ શ્રીમદ્ સમુહમાં વધારે આવવા જવાનું થયું એટલું જ, અકારણસર આવું થયું.

ઝકલમાં દેશમાં અવસાન પામ્યા તેની સાદડી મુંબઈમાં વડાલા મામાને ત્યાં રાખેલ. બધા કુટુંબીઓ ભેગા થયેલ મામાના જમાઈ જૈન સંસ્થામાં ટ્રસ્ટી હતા. ટ્રસ્ટની માલાડમાં જૈન ચાલીઓ બંધાતી હતી. અમે એમાં અરજી કરેલ પણ પાસ નહોતી થયેલ. સહજ વાત થઈ અને જમાઈને કીધું કે આ જીવતીબેનને રૂમ મળે એમ કરોને ? તેમણે બીજે દિવસે બોલાવ્યો અને એમ ઝકલમાના અવસાને અમને મલાડ ચાલીમાં ૧૯૭૪માં બે રૂમની સગવડ મળી.

પહેલી વખતે કલ્યાણ મામાના બાની સાદડીમા ગયેલ ત્યારથી શ્રીમદ્‌ની શરૂઆત થઈ. આ બીજા મૃત્યુએ માથે છત્રની સગવડ થઈ. કુટુંબીઓના મૃત્યુએ કંઈક ફળદાયી કાર્ય જ કર્યું છે. જીવનમાં આ થયો સામાન્ય પરિચય દુનિયા જેમાં સુખ માને છે અને જેમ ચાલે છે એમજ જીવન રહ્યું. પહેલા વિચારેલ કે સાધન સંપન્ન થયા પછી લગ્ન કરશું પણ ઉંમર થાય પછી શું કરવા તેથી લગ્નનો વિચાર કર્યો. ઘાટકોપર મામાને વાત કરી. એમના જમાઈ શરદભાઈ શ્રીમદ્ સમુહમાં આવતા જતા એટલે મને ઓળખતા એમણે મારી ભલામણ એમની માસીની દીકરી ઈલા સાથે વાત ચલાવી અને આમ ૧૯૭૬માં અમારા લગ્ન થયા. આમ શ્રીમદ્ સમુહમાં જવાનો પ્રથમ સાંસારિક લાભ મળ્યો. અમારી સાધનામાં અમારા ધર્મપત્નીનો મને કમને હોય પણ અમૂલ્ય સહકાર રહ્યો છે. એમનો સહકાર નહોત તો અમે આટલી સાધના ન કરી શક્યા હોત એટલું સ્વીકારવું રહ્યું.

સ્રીમાં સુખ છે એમ માનીને જ લગ્ન કરેલા. વૈરાગ્યનો છોટો પણ નહોતો. પણ રોજ ભક્તામર કરવાનું રાખેલ. લગ્નના દિવસે પણ જાન બે વાગે જવાની હતી અને અમે એક વાગે ભક્તામર કર્યા પછી જ ગાડીમાં બેઠેલા એ બરાબર યાદ છે.

૧૯૮૦ સુધીમાં અમારા ત્રણ સંતાનો મોટી દીકરી અને બે પૂત્રો આવી ગયેલ. ૧૯૮૧માં મલાડમાં ઘઉંનો હોલસેલ ધંધો ભાડાની દુકાન રાખી શરૂ કરેલ. કેરી એકસપોર્ટનો ધંધો પણ શરૂ કરેલ. પણ બરકત ન મળી ધંધામાં ધંધો અને ધર્મ બે અલગ સમજીને થોડું સાચું ખોટું કરતા રહેલા. ૧૯૮૧/૮૨ એક બીજી એક્સપોર્ટ કંપની જેનો ધંધો ઘેટા-બકરા-માંસ-મચ્છી નિકાશનો હતો તેમાં સરવીસ હતી. એ દરમ્યાન ૧૯૮૨માં મારા કાકાની દીકરી નીરૂબેનના લગ્ન બીલખા હતા તેમાં જવાનું થયેલ લગ્ન પતી ગયા. જાન વિદાઈ પછી હું તથા કાકાનો દીકરો નવલ ઘઉનો ધંધો હતો તેથી વીસાવદર પાસે ગામડામાં ગયેલા બીજે દિવસે સવારે અમારા વતન ઈશ્વરીયા ગામે મહાદેવના મંદિરે જવા માટે રીક્ષા કરીને જવાનું નક્કી કરેલ. રીક્ષા બાંધી અને નીકળ્યા. માંડાવડ ઓપન રેલ્વે ફાટકમાંથી રીક્ષા ક્રોસ કરવાની હતી. સરસ સવારે અજવાળું હતું. ગામડામાં તો ટ્રેન આવવાની હોય ત્યાં એકાદ માઈલ પહેલાથી છુકછુક ગાડી આવવાનો અવાજ સંભળાવવા માંડે. ડ્રાયવરે ફાટક ક્રોસ કરવાની શરૂઆત કરી. ખબર નહી પણ કંઈક શરતચુક થઈ હશે કે રીક્ષા એન્જીન સાથે ભટકાણી અને ૪૦/૫૦ ફૂટ દૂર રીક્ષા ફેંકાઈ ગઈ. મને તથા ડ્રાયવરને ખૂબ ઈજા થયેલ. મારા કાકાના દીકરાને જાજી ઈજા નહોતી

થઈ. તરત ટ્રેન રોકવામાં આવી ગાર્ડે અમને ટ્રેનમાં લીધા અને ગાડી વીસાવદર તરફ પાછી વાળી. આવું કદાચ ઈતિહાસમાં પ્રથમવાર થયું હશે કે જ્યાંથી નીકળી હોય ત્યાં પાછી વળી હોય ટ્રેન, ગાર્ડની ફરજ હતી અમોને બીલખાકે જુનાગઢ પહોંચાડવાની પણ એણે વિચાર્યુ કે બીલખા જુનાગઢ બહુ દૂર છે. વીસાવદર બે જ માઈલ પાછળ છે તેથી ટ્રેન પાછી વાળી. વીસાવદરમાં પ્રાથમિક સારવાર આપી અમોને જુનાગઢ સીવીલ હોસ્પીટલમાં રવાના કર્યા. અમને પાછળ સાથળમાં કંઈક ઊંડો ઘા પડેલ. કંઈક સરીયો જેવું ઘુસી ગયું હતું. લોહી પુષ્કળ વહી ગયું હતું. જુનાગઢ પહોંચતા બેભાન થઈ ગયેલ. ડ્રાયવર કોઈ મુસ્લિમ યુવક હતો. એ તો રસ્તામાં જ અવસાન પામ્યો. આ લગ્નમાં મારા માતુશ્રી પણ બીલખા આવેલા. અમારા કુટુંબને બધા ઓળખે આગલે દિવસે લગ્નમાં પણ મળેલા એટલે એમણે તુરંત ફોનથી ખબર કરીને આવો અકસ્માત થયો છે અને જુનાગઢ રવાના કરેલ છે એવી ખબર કરી દીધેલ. બીલખામાં માતુશ્રી વાહનમાં સાથે થયા એ સમયે મારા બેન બનેવી જુનાગઢ રહેતા હતા. જુનાગઢ પહોંચતા બેહોશ થઈ ગયેલા. લોહી પુષ્કળ નીકળી ગયેલ સારવાર શરૂ થઈ કેટલીક બોટલ લોહી પણ ચડાવેલ અને આમ આવા ભયંકર અકસ્માતમાંથી જેમાં બચવાનો ચાંસ જ ન હોતો તેમાં બચી ગયા, શરીરમાં કોઈ ખોડખાંપણ પણ ન આવી પણ આવું તો ઘણાના જીવનમાં બને છે કુદરતની એ કરામત છે લીલા છે. આશ્ચર્ય લાગે પણ એ એવું આશ્ચર્ય નથી જ. એવું ઘણાના કિસ્સામાં આપણે જોયું જાણ્યું છે.

મારા પત્નીતો મુંબઈ હતા ત્રણે બાળકોને લઈ જુનાગઢ આવી ગયા. સારવાર ચાલુ હતી. પેઈન કીલરની અસર હોય ત્યાં સુધી દુ:ખ ન થાય પણ એ પછી તો વેદના સહન ન થાય તેવી હતી. રાડારાડ બુમાબુમ કરતાં આજુબાજુ વાળાને પણ તકલીફ થાય એ સ્વાભાવિક છે પણ વેદનામાં જીવ બીજાનું ક્યાં વિચારે છે ? અહિ એક અદ્‌ભૂત ઘટના આકાર લે છે. જે માટે કદી વિચાર્યું નહોતું, વાચ્યું નહોતું, ઈચ્છા પણ નહોતી. વૈરાગ્ય કે એવું કશું નહોતું છતાં એ બને છે એ ઈશ્વરની લીલા છે. અસ્તિત્વની કરામત છે.

જેના લગ્નમાં ગયેલા એ નવા જમાઈએ એક પુસ્તક વાંચવા આપ્યું સહજ વાંચતો હતો. એ પુસ્તક નાનુ ''ઉઘડતા ધ્વાર અંતરના'' ની સાઈઝ જેવડું હતું પણ એનું નામ શું હતું તે ખબર નથી વાંચતા વાંચતા કંઈક એવું બની ગયું કે વેદના ગાયબ થઈ ગઈ. ડોક્ટર આવે, પાછળ ઘામાં વાટ કાંઢે નાંખે-ઈજેક્શનો મારે જે કરવું હોય તે કરે અમે જ્ઞાતાદ્રષ્ટા બની ગયા. જ્ઞાતાદ્રષ્ટા તો આજે લખું છું પણ જ્ઞાતાદ્રષ્ટા જેવી સ્થિતિ બની ગઈ. એક ઘેલછા આવી ક્યારેક હસું, ક્યારેક રોઉ, ક્યારેક સતત ભાષણ આપતો રહું. મારી સાથે મારા ભાભુ રહેતા હતા એ તો ડરી ગયા. આની સાથે કેમ રહેવાય ? પણ પછી મારા પત્ની મારી સાથે રહેતા. મારા બનેવીને એક બપોરે કહેલ ''અમને જ્ઞાન પ્રગટ થયું છે.'' પણ એ તો કહેતા કે સારું, અમને પણ ઘેલછામાં બોલવાનું ભાન ન હોતું રહેતું. પણ જે બોલાનું એમાં ધર્મની વાત હોય એટલું તો ખરું જ. ગાળગલોચ એવું કશું નહોતું. મારા બનેવી કહેતા હવે આજનું વ્યાખ્યાન પુરુ થયું કાલે કરજો . આમ ઘેલછા રહી. વેદના ગાયબ થઈ ગઈ હતી આવી વેદનામાં પણ સ્વચ્છતાનો આગ્રહ રહેતો હતો એ બરાબર યાદ છે. અમારા પત્નીએ તથા બેનબનેવીએ ખૂબ સેવા કરી છે. એ સમયે સગાસંબંધી આવે તો કોઈક ને કહેતા કે અમે સાધુ છીએ વંદના કરો. પણ એ બધું અણ સમજ ઘેલછાનું કારણ હતું પણ કંઈક થયું જરૂર હતુ, પણ એને શું કહેવાય એ સમજણ નહોતી.

ઘા ઊંડો હતો ચાર પાંચ એકસરે પછી પણ ડોક્ટરો નક્કી નહોતા કરી શક્યા કે ફ્રેક્ચર છે કે નહિ. મહિના પછી મુંબઈ હોસ્પિટલમાં દાખલ થયા. ઘેલછાની હાલત ચાલુ જ હતી અહિં ડો. ઝુનઝુનવાલાએ એક નાની ક્રેક હતી સાથળમાં તેનું ઓપરેશન કર્યું. ઓપરેશન થીયેટરમાં પણ ડોક્ટરોને જે કરવું હોય તે કરો અમે તો દેહ એમને સોંપી દીધો હતો. ધીમે ધીમે આ ઘેલછામાંથી મુક્ત થયા. પણ 'રમેશ' બદલાઈ ગયો. સંસારમાંથી ધીમે ધીમે રસ ઘટતો રહ્યો. જે રસ હતો તેનો પણ કંઈક ખેદ રહેતો હતો.

શ્રીમદ્ સમુહમાં દસેક વરસ રહેવાનું થયેલ એમાં એક બીજ અજાણે રોપાઈ ગયેલ કે સદગુરૂ સત્પુરુષ જોઈએ જ. નોકરી ચાલુ હતી પણ સત્પુરુષ જોઈએ જ એની તીવ્ર જિજ્ઞાસા શરૂ થયેલ. નોકરીમાંથી ગમે તેમ સમય મેળવી સત્સંગ સ્વાધ્યાયમાં શક્ય એટલું જવા આવવાનું શરૂ થયેલ. વકતાને સાંભળ્યા પછી કંઈ સમાધાન ન થાય. થોડો સમય ભીખાલાલ ગીરધરલાલ શેઠનો સત્સંગ સમાગમ ગ્રાંટરોડમાં થયેલ. એ સમયે એક ભાવદિક્ષીત ભાઈ પણ ત્યાં આવતા. એકવાર એક બહુ વિધ્વાનને ભારતીય વિદ્યા ભવન પાસે મળવા ગયેલ. અમારી વાત કરેલ તો કહે સમયસારની પેલી ગાથા બોલો. અમને તો સંસ્કૃત-માગધી કે કોઈ ભાષાનો ત્યારે પરિચય જ નહોતો અને આજે પણ નથી. જ્ઞાનને અને ગાથાને શું લાગે વળગે ? શું જ્ઞાન થાય એને ગાથા આવડવી જ જોઈએ ? એક શ્રીમદ્‌ના સ્વાધ્યાયકારની સાથે પણ વાત થયેલ તે પણ કંઈ સમાધાન કરી શક્યા નહીં.

એકવાત હવે સ્પષ્ટ સમજાય છે કે જ્ઞાનીને જ્ઞાની જ, અનુભવી જ ઓળખી શકે. ગમે તેવો શાસ્ત્રજ્ઞ, સાધક, સ્વાધ્યાયકાર, પ્રખર વક્તા પણ જ્ઞાનીને ઓળખી શકે જ નહીં આ નિયમ છે. આવા તો અનુભવ ઘણા સ્વાધ્યાયકાર સાથે પણ થયા છે. એકવાર તો એકાંતમાં આવા અધિષ્ઠાતાને બહુ સ્પષ્ટ કહેલ કે ''આવું જ્ઞાન ન હોય. પાછા વળો માર્ગ આવો નથી.'' પણ એ તો એની ચાલે જ ચાલતા રહેલા. આ બનાવ પછી એક અવાજ આવ્યો ''ઊઠ ઊભો થા તારો જન્મ મુંગા પશુ માટે છે.'' ક્યાં મારો હિંસાયુક્ત વ્યવસાય ને ક્યાં આ અવાજ! ક્યાં મેળ ખાય ? પણ આ હકીકત છે. રાતોની રાતો આંસુઓ વહ્યા છે. મારું ચૈન-નિંદ્રા વેરાન થઈ ગયેલ. આર્થિક સ્થિતિ સાવ નબળી. પગારમાં માંડ પુરુ થતું હતું. બચત નામે શૂન્ય. એકવાર સવારે પત્રાંક ૧૨૮ જે મોઢે હતો તે સવારે ઘરમાં બોલતો હતો. આંસુઓની ધારાઓ વહી. દીકરી સવારે કહે પપ્પા તમે કેમ રોતા હતા ? શું જવાબ આપું ?

આ શું થયું એનો કાંઈ નિર્ણય નહોતો થતો. ક્યાંય સમાધાન મળતું નહોતું. સતત અંતર અવાજ બેચેન કરી દેતા હતા. આ બનાવ પછી પણ કેટલીક ઘટનાઓ આકાર લે છે જેની વાત હવે પછી આવતા અંકોમાં.

લગભગ ૩૪ વરસ પછી ૧૯૮૨ થી શરૂ થયેલ યાત્રાની સ્મૃતિ આધારે આ લેખમાળા શરૂ થાય છે. મુમુક્ષુઓ સાથે આ સત્સંગ ગોઠડીની શરૂઆત છે. આશા છે સહુને પ્રેરણાદાયક બનશે. **ક્રમશ:**

---

**આદિવાસીને કદી ચારિત્ર્યહીન જોયો છે ?**
**તે સુધરતો જાય ત્યારે તો એનું ખરું**
**ચારિત્ર્ય ખતમ થવાની શરૂઆત થાય છે.**

## એક ઉદાર શિક્ષકની ઉદાર વાતો,
## મારા સાહેબની વાતો - ડૉ. નિમિત્ત ઓઝા

દક્ષિણામૂર્તિ નામની નિશાળ - આમ તો એને સંસ્કારોની ટંકશાળ કહું તોપણ ચાલે. ધોરણ-૬ ઈ નો વર્ગખંડ. ગુજરાતી વિષયનો પિરિયડ અને શિક્ષક : વિક્રમ ભટ્ટ. ધોરણ-૮ ઈ માં વિક્રમ સર અમને અંગ્રેજી ભણાવતા. ધોરણ-૯ મા તેમને ગુજરાતી ભણાવવાનું આવ્યું. સાચું કહું તો ત્યારે ભાષા ગમતી નહીં, કારણકે ભાષામાં માર્કસ ન આવે ને એટલે, પણ મને ત્યારે ખબર નહીં કે એક શિક્ષકનો ભાષાપ્રેમ મારો ભાષા તરફનો અભિગમ બદલી નાખશે. વિક્રમ ભટ્ટ આજે પણ શિક્ષક છે, કારણકે શિક્ષક હતા એવું ગુજરાતી વ્યાકરણ જ ખોટું છે. શિક્ષક હતા ક્યારેય ગુજરાતીમાં આવે જ નહીં - શિક્ષક છે એવું જ આવે. નિવૃત્ત હોય તો શું? શિક્ષક તો કાયમ શિક્ષક જ રહે.

વિક્રમ સર લગભગ ક્યારેય હાથમાં પાઠ્યપુસ્તક લઈને આવતા નહીં. કદાચ એમને પાઠ્યપુસ્તકની જરૂર જ નહોતી. વિક્રમ સરે, એ ગુજરાતી ભાષાના પિરિયડમાં, જે સૌથી પહેલી વાત કહેલી એ વાત આજીવન યાદ રહેશે. તેમણે એક ચિત્ર વિશે વાત કહેલી જે ચિત્ર તેમણે જોયેલું. તેઓએ કહ્યું, 'એક સુંદર મજાનું ચિત્ર. એ ચિત્રમાં બે ઊડતી ચકલીઓ અને એ ચકલીઓની નીચેનું લખાણ :

They can because they think can. (તેઓ ઊડી શકે છે કેમ કે તેઓ એવું વિચારે /માને છે કે તેઓ ઊડી શકે છે.)'

એ ચકલીઓને ઊડતાં કોણે શીખવ્યું એની તો મને ખબર નથી, પણ એટલી ખબર છે કે એ ૩૫ મિનિટમાં વિક્રમ ભટ્ટ નામની સંસ્થાએ મને ઊડવાનું શિખવાડી દીધું. કમનસીબે કેટલાક શિક્ષકો એ ૩૫ મિનિટમાં ન તો વર્ગખંડની બહાર જઈ શકે છે, ન તો પાઠ્યપુસ્તકની બહાર, પણ દક્ષિણામૂર્તિ જેવી નિશાળના આ શિક્ષકે એ ૩૫ મિનિટમાં મને આકાશમાં મૂકી દીધો કે 'લે, ખોલ પાંખ અને ઊડ, આ આકાશ તારું જ છે, આ એ જ માણસ જેમણે મને ગુજરાતી ભાષા તરફ વાળ્યો.'

પકડો કલમ ને કોઈ પળે એમ પણ બને,
કે આ હાથ આખેઆખો બળે એમ પણ બને...

મનોજ ખંડેરિયાના આ શબ્દો સૌપ્રથમ મારા કાનમાં નાખનાર કોઈ કવિ નહીં, એક શિક્ષક હતા - વિક્રમ ભટ્ટ. એમણે ફક્ત ભાષાનો જ નહીં, કવિતાનો એવો ચસકો લગાવ્યો કે પાંચ વર્ષ M.B.B.S. નાં, ત્રણ વર્ષ M.S.નાં અને ત્રણ વર્ષ Urology-Super Speciality નાં પૂરાં થશે તોય હવે ભાષા છૂટતી નથી અને છોડવી પણ નથી.

ભરચોમાસે, મુસળધાર વરસાદમાં, એક વાર હું ઊભોઊભો વરસાદ જોતો તો. વિક્રમ સરે આવીને મારો હાથ પકડ્યો અને મને કહે, ચાલ, નિમિત્ત, વરસાદ જોવાનો ના હોય, એમાં ભીંજાવાનું હોય. ચાલ પલળવા જઈએ. મારા માટે તો આને જ શિક્ષક કહેવાય જે વરસાદ બતાવે, ભણાવે કે સંભળાવે નહીં, સીધો વરસાદ સમજાવે અને આમ પણ વિક્રમ સર હાથ પકડે ત્યાં જ પલળી જવાય, પછી ઝાઝું કંઈ ભીંજાવાનું બાકી ન હોય.

વિક્રમ ભટ્ટ હંમેશાં કહેતા આવ્યા છે, વિદ્યાર્થીઓની અપૂર્ણતાને ચાહો - Love their incompleteness. કોઈ વિદ્યાર્થી ભૂલ કરે તો એ વિક્રમ સરને ગમતું. તેઓ વિદ્યાર્થીની ભૂલોને પણ પ્રેમ કરતા વિદ્યાર્થી જેટલી જ. હવે ખબર પડી, દક્ષિણામૂર્તિમાં ભૂલો કરવાની કેમ બહુ મજા આવતી. કોઈ વિદ્યાર્થી પર ગુસ્સે થવાથી કે તેને મારવાથી કશો ફેર પડવાનો નથી એવું વિક્રમ સર જ નહીં, આખું દક્ષિણામૂર્તિ માનતું. મુછાળી માના સંસ્કારો આજે પણ ભાવનગર શહેરના પરિમલ વિસ્તારમાં ભાવનગરની આબરૂ વધારે છે.

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં જે સમયે હું થાકી હારીને મેદાન છોડી ચૂક્યો હતો, drop લેવાની વાત પણ કરેલી, મને નિષ્ફળતાનો ડર હતો, ત્યારે વિક્રમ સરે મારા માથે હાથ મૂકીને મને કહેલું, નિમિત્ત, નાપાસ થવા માટે તારે બહુ મહેનત કરવી પડશે. દરેક વિદ્યાર્થીને નાપાસ થવાનો અધિકાર છે એવા એમના એક વાક્યે મારો ફક્ત અભિગમ જ નહીં, મારી આખી જિંદગી બદલી નાખી.

નિષ્ફળતાને સ્વીકારવાની તૈયારી સાથે મેં ધોરણ-૧૨ની પરીક્ષા આપી અને પછી મારા જીવનનો ઈતિહાસ રચાયો- દક્ષિણામૂર્તિના એક ઉદાર શિક્ષક દ્વારા.

દરેક વિદ્યાર્થીને નાપાસ થવાના અધિકાર છે - તેમની આ વાત હજુ સુધી મેં સૂરજને કરેલી નથી, કેમકે સૂરજ આ વાતને seriously લઈ લે, તો ખરેખર, આવતી કાલ સવારથી એ ઊગવાનું બંધ કરી દે. દરરોજ સવારે આકાશમાં ઊગવાનું સૂરજ માટે પણ ફરજિયાત ન હોઈ શકે, પણ દરેક સૂરજને દક્ષિણામૂર્તિ જેવું આકાશ નથી મળતું જેમાં ઊગવાનું સૂરજને ગૌરવ થાય. દરેક પંખીને વિક્રમ ભટ્ટ જેવી પાંખો નથી મળતી જે તેને ઊડતું કરી શકે.

દક્ષિણામૂર્તિએ ફક્ત પાંખો જ નહીં, આંખો પણ આપી છે આકાશને જોવા માટે કે Sky is the limit. ભાવનગર શહેરના, રૂપાણી વિસ્તારમાં, રેવા નામના ઘરમાં, વિક્રમ ભટ્ટ જેવા શિક્ષકમાં આજે પણ દક્ષિણામૂર્તિની સંસ્થા અકબંધ સચવાઈને પડેલી છે એ વાતનું ફક્ત મને કે દક્ષિણામૂર્તિને નહીં, ભાવનગરને ગૌરવ છે.

આ તો આજે સવારે એક વૃક્ષને ફળ આવેલું જોઈને, એક નાના છોકરાએ એને પથ્થર માર્યો અને તરત જ ફળ નીચે પડ્યું. છોકરો ખુશ થયો અને છોકરાને ખુશ જોઈને પેલું વૃક્ષ ખડખડાટ હસી પડ્યું. એક બાળકની ખુશી જોઈને ખુશ થનારા પેલા વૃક્ષને જોયું, એટલે ફરી પાછું દક્ષિણામૂર્તિ યાદ આવ્યું - શ્રી દક્ષિણામૂર્તિ, અમે તો શાળાના નામને પણ શ્રી ગણેશ અને શ્રી દક્ષિણામૂર્તિ બંને સરખાં. હું જે કંઈ છું, માત્ર અને માત્ર દક્ષિણામૂર્તિના કારણે જ છું.

કોઈ પુસ્તકને ઉપર-ઉપરથી જોનાર કેવળ શબ્દાર્થ પામે છે
સમજપૂર્વક વાંચનાર ભાવાર્થ પકડે છે ;
પરંતુ ગૂઢાર્થ તો માણે છે ઊંડાણથી અભ્યાસ કરનારો.

**- તાણાવાણા-૯ માંથી સાભાર.**

## છે કોઈ એવો બાપ ? ઈસુ ખ્રિસ્ત

'તમે જ કહો, તમારામાં છે કોઈ એવો બાપ જે દીકરો રોટલો માગે તો એને રોડું આપે ? તમે આટલું સમજો છો તો ઈશ્વર નથી સમજતો શું ?

પિતા પરમેશ્વર પોતાનાં બાળકોને સારી વસ્તુ જ આપે એમાં શંકા નહિ.

માટે, પ્રાર્થના કરો ત્યારે એકાન્તમાં કરજો, ખાલી બડબડાટ કરશો નહિ. કારણ કે તમારા માગ્યા પહેલાં જ પિતા પરમેશ્વરને ખબર છે કે તમારે શું જોઈએ છે,

## માતૃભાષામાં શિક્ષણ પ્રતિબદ્ધતા - આકાશ આચાર્ય

આજના સમયમાં બાળકને કયા માધ્યમમાં ભણવા મૂકવું તે એક કપરો નિર્ણય બની ગયો છે, જેમાં મતમતાંતરો પ્રવર્તે છે. ગુજરાતી માધ્યમની શાળાઓ ઘટતી જાય છે અને અંગ્રેજી માધ્યમની શાળાઓનો વ્યાપ માત્ર સમૃદ્ધ વિસ્તારોમાં જ નહિ, પરંતુ ક્ષમજીવી વિસ્તારોમાં પણ વધતો જાય છે. આ પ્રકારના વાતાવરણમાં વિશ્વના બીજા સમાજ સાથે તુલના કરતો એક રસપ્રદ કિસ્સો રજૂ કરવાનું મન થાય છે.

કૉમ્પ્યુટર સોફ્ટવેર ક્ષેત્રે કાર્યરત એક નવયુવાન તમિળ પરિવારની બદલી કંપની દ્વારા થોડાં વર્ષો માટે જર્મની થાય છે. તેઓ પોતાની બાળકીના પ્રવેશ માટે જ્યારે જર્મનીના એક નગરની શાળાનો સંપર્ક કરે છે ત્યારે શાળાના સંચાલકો તેમને બાળકીની રાષ્ટ્રીયતા તથા માતૃભાષા માટે પૃચ્છા કરે છે. જ્યારે તેઓને માતૃભાષા તમિળ છે તેમ ખબર પડે છે ત્યારે વિચારમાં પડી જાય છે અને થોડાં અઠવાડિયાં થોભી જવા વિનંતી કરે છે.

થોડાં અઠવાડિયાં બાદ તેઓ નિરાશા સાથે જણાવે છે કે તેમની શાળામાં તમિળભાષી કોઈ શિક્ષક ન હોવાથી તેમણે વર્તમાનપત્રમાં જાહેરાત આપી હતી અને તે માટે થોડાં અઠવાડિયાં થોભવા જણાવ્યું હતું, પરંતુ આસપાસના વિસ્તારમાં વસતા હોય અને તમિલ જાણતા હોય તેવા કોઈ શિક્ષક તેમને મળતા જ નથી! નવયુવાન દંપતી આશ્ચર્ય સાથે જણાવે છે કે તમિળ શિક્ષકની વળી શી જરૂર છે! તમે અંગ્રેજી કે જર્મનમાં ન ભણાવી શકો?

આવો સવાલ સાંભળીને સંચાલકોએ ચકિત થઈને કહ્યું કે એ કઈ રીતે શક્ય બને? જ્યારે બાળકની માતૃભાષા તમિળ છે ત્યારે પ્રાથમિક શિક્ષણ તો તમિળમાં જ આપવું પડે ને? એક શાળા તરીકે અમે મૂલ્યો સાથે આ પ્રકારનું સમાધાન કેવી રીતે કરી શકીએ? વધુમાં સંચાલકોએ જણાવ્યું કે સાથોસાથ અમારી શાળામાં પ્રવેશ માટે આવેલ કોઈ બાળકને અમે ના પાડવા પણ માગતા નથી.

થોડા વિચાર બાદ શાળાના આચાર્ય બાળકીની માતાને પૂછે છે કે તમે શું ભણેલાં છો? તમે અમારી શાળામાં શિક્ષક તરીકે જોડાઈ શકો? અમે જર્મન સરકારનાં ધારાધોરણો પ્રમાણે તમને પગાર આપીશું? આ વિકલ્પથી આપની બાળકી અમારી શાળામાં ભણી શકશે અને તે પણ તમિળ ભાષામાં!

એક નજીકના મિત્ર પાસેથી સાંભળેલા આ પ્રસંગમાં માતૃભાષા પ્રત્યેની લાગણી, શાળાના સંચાલકોની સૌજન્યતા, બાળકના ભણવાના અને તે પણ માતૃભાષામાં ભણવાના હક્ક અંગેની જાગૃતિ વગેરે ઘણાં પાસાં પડેલાં છે. વળી, આ પ્રસંગ એ રાષ્ટ્રમાંથી આવે છે કે જે વૈજ્ઞાનિક પ્રગતિ તથા ટેકનૉલૉજીમાં વિશ્વમાં અગ્રેસર છે.

શિક્ષણના માધ્યમ માટેની ચર્ચાઓમાં જ્યારે વૈશ્વિકીકરણને વારંવાર ટાંકવામાં આવતું હોય ત્યારે વિશ્વનાં અન્ય રાષ્ટ્રો આ બાબતમાં શું નીતિ તથા વલણો ધરાવે છે તે ધ્યાન પર લેવું ખૂબ જરૂરી છે. - **તાણાવાણા-૯ માંથી સાભાર.**

**जिस दिन मरोगे अपने साथ**
**एक पेड़ भी लेकर जलोगे।**
**प्रकृति का कर्ज है वो तो चुकादो यारो**
**जीते जी दो पेड़ तो लगादो यारो।**

## गोविज्ञान भारती की वेबसाइट प्रारंभ

इन्दोर। चैत्र प्रतिपदा के दिन गोविज्ञान की नयी वेबसाइट www.cowlogy.com, www.govigyan.org प्रारंभ हुई। इस वेबसाइट में अनेक पहलुओं को सम्मिलित किया गया है। द्विभाषिक वेबसाइट का उद्देश्य गोविज्ञान का अधिकाधिक प्रचार-प्रसार करना है। इस वेबसाइट पर गोविज्ञान से संबंधित आलेख प्रकाशित किये जायेंगे। इस वेबसाइट पर गोविज्ञान से संबंधित पुस्तकों का प्रकाशन भी किया जायेगा। इसके अलावा वेबसाइट पर डिस्कशन फोरम और ओपिनियन पोल भी दिया गया है। साथ ही काउ एग्रीकल्चर, काउ सत्याग्रह, काउ बिबलियोग्राफी, गोशाला, काउ प्रोडक्ट, काउ इकॉनामी, काउ एज्युकेशन, काउ मेडिसिन, काउ इको सिस्टम, काउ लेजिस्लेशन को भी सम्मिलित किया गया है। पाठकों से यह अपेक्षा है कि वेबसाईट के लिए उपयोगी सामग्री भेजने का प्रयास करें। गांव, तालुका, तहसील, जिले, प्रदेश और देश में स्थित गोशालाओं की जानकारी भी भेजें, जिससे उसे वेबसाइट पर दिया जा सके। गोचिकित्सा से संबंधित अधिकारिक प्रयोगों की सूचना भी भेजें। अपनी सामग्री हिन्दी अथवा अंग्रेजी भाषा में निम्नलिखित ई-मेल पर भेज सकते हैं: prof.pushpendra@gmail.com हैं।

## ભગવાન મદદ જરૂર કરે છે.

આ કિસ્સો એકદમ પ્રેરણાદાયી છે. શીખ લેવા જેવો છે.

નાનો પરિવાર ધરાવતી એક અતિ ગરીબ સ્રીએ એક વાર ભગવાનની મદદ માગવા રેડિયો સ્ટેશને ફોન કર્યો. યોગાનુયોગ એ સમયે એક નાસ્તિક માણસ પણ આ રેડિયો પર પ્રસારિત થયેલો કાર્યક્રમ સાંભળી રહ્યો હતો. અળવીતરા સ્વભાવના એ ધનિકે પેલી ગરીબ સ્રીની ઠેકડી ઉડાવવાનું નક્કી કર્યું. સૌપ્રથમ તો તેણે એ સ્રીનું સરનામું નોંધી લીધું. ત્યારબાદ પોતાની સેક્રેટરીને બોલાવીને સૂચના આપી કે તેણે તાબડતોબ સારા એવા પ્રમાણમાં ખાદ્યસામગ્રી ખરીદી પેલી સ્રીને ત્યાં પહોંચાડી દેવી. જોકે, આ સાથે તેણે પોતાની સેક્રેટરીને એક ખૂબ જ વિચિત્ર સૂચના પણ આપી કે જ્યારે એ ગરીબ સ્રી પૂછે કે આ ખાવાની ચીજવસ્તુઓ કોણે મોકલાવી છે ત્યારે જવાબ આપવો કે એ શેતાને મોકલી છે. સેક્રેટરીએ બૉસની આજ્ઞા પ્રમાણે સારી એવી માત્રામાં ખાદ્યસામગ્રી ખરીદી અને પેલી ગરીબ સ્રીના ઘરે પહોંચાડી. એ સ્રી તો આટલી બધી ખાદ્યસામગ્રી પોતાને મળી રહી છે એ જોઈને એના આનંદની કોઈ સીમા ન રહી હરખાતા હરખાતા તેમ જ આભારવશતાની લાગણી અનુભવતા અનુભવતા તે એ બધો સામાન પોતાના નાનકડા ઘરમાં ગોઠવવા લાગી. થોડી રાહ જોયા બાદ જ્યારે ગરીબ સ્રીએ કોઈ કરતા કોઈ પ્રશ્ન ન પૂછ્યો ત્યારે સક્રેટરી અકળાઈ ગઈ. તેણે સામો સવાલ કર્યો કે ‘શું તમને એ જાણવાની ઈચ્છા નથી કે આ બધું કોણે મોકલાવ્યું?’ ગરીબ સ્રીએ સટાક કરતો જવાબ આપ્યો, ‘ના, જેણે મોકલાવ્યું હોય તેનો ખૂબ ખૂબ આભાર માનજો. મને એની પરવા નથી કે કોણે આ વસ્તુઓ મોકલાવી છે. એ જે કોઈ પણ હોય, કારણ જ્યારે મારો ભગવાન હુકમ કરે ત્યારે શેતાને પણ તેની આજ્ઞાનું પાલન કરવું પડતું હોય છે!’

**- સૌ. મુંબઈ સમાચાર, પ્રેમલ પરીખ.**

## સચીનને તેના પિતાનો પત્ર

'દીકરા, જીવન એક પુસ્તક છે, જેમાં અનેક પ્રકરણો હોય છે. દરેક પ્રકરણમાં ઘણા બોધપાઠ હોય છે, જેમાં સફળતા અને નિષ્ફળતા, આનંદ અને દુ:ખ મુખ્ય છે. સફળતા અને નિષ્ફળતામાંથી જે બોધપાઠ લેવાયો હોય છે તે લગભગ સરખો હોય છે. સફળતા અને સુખ ભલે વહાલાં લાગે, પણ તે બંને કરતા નિષ્ફળતા અને દુ:ખ આપણાં મોટાં શિક્ષક છે. તું ક્રિકેટર અને રમતવીર છે, તું નસીબદાર છે કે દેશનું પ્રતિનિધિત્વ કરે છે. પરંતુ એક વાત તું ભુલીશ નહીં કે આ તો જીવનનું માત્ર એક પ્રકરણ જ છે. બીજી રીતે કહીએ તો માનવીની જીંદગી ૭૦ કે ૮૦ વર્ષ હોય તેમાં તું કેટલાં વર્ષ રમતમાં વીતાવીશ ? વીસ વર્ષ ? વધુ સારો ખેલાડી બનીશ તો પંચીસ વર્ષ ! આ માપદંડથી વિચારીશ તોપણ તું ખેલાડી કરતાં સામાન્ય વ્યક્તિ તરીકે વધુ સમય વીતાવીશ. હું તને પુછું છું, દીકરા, કે શું તું સફળતાને તારા પર હાવી થવા દઈશ ? જો તું નમ્ર રહીશ તો પ્રશંસકો તને તારી નિવૃત્તિ પછી પણ એટલો જ પ્રેમ અને આદર આપશે. એક પિતા તરીકે હું વધુ ખુશ થઈશ જ્યારે લોકો કહેશે કે 'સચીન એક મહાન ક્રિકેટર હોવા ઉપરાંત સારો માણસ પણ છે.'

એક મધ્યમવર્ગીય પિતાની આ સલાહ તમામ સંતાનો માટે દીવાદાંડીની ગરજ સારે એવી છે. સચીને આ સલાહ એના જીવનમાં ઉતારી હોય એવું આજ સુધીના સચીનના બીનવિવાદસ્પદ વર્તનથી પુરવાર થતું જોવા મળે છે. **- રમેશ તેંડુલકર, નયા માર્ગમાંથી સાભાર.**

## પ્રતિક્રમણ

**જરીકે પાસ ના જાઓ ! હરણા પાછા વળી જાઓ,**
**જુઓ, એ ઝાંઝવા દૂર થી છળે... પાછા વળી જાઓ.**
**સરોવર આ દીસે એવું પીનારા ના ગયા પાછા,**
**જળાશય અજગરી-છાનું ગળે, પાછા વળી જાઓ**
**તમારા અંગ પર દેખું અરણ્યોની કુમાશોને**
**મુલાયમ વન્ય શોભા લૈ વને પાછા વળી જાઓ.**
**વનો છોડી રણે આવ્યા, સુકાયા શું ઝરણ વનમાં ?**
**અચાનક પથ ભૂલી આવ્યા ? હવે પાછા વળી જાઓ.**
**અહીં ગુફા નથી, ત્રાડો નથી, લાગે સલામત છો,**
**રણે ઝંઝા કબર સહેજે રચે, પાછા વળી જાઓ**
**લલાટે છે લખેલું રણ અમારે જન્મ જન્મોથી**
**તરસ ભડભડ સદા કંઠે બળે, પાછા વળી જાઓ.**
**ભાનુપ્રસાદ પંડ્યા, 'નવનીત સમર્પણ' જુલાઈ ૨૦૧૩,**
**સૌ. અરૂણભાઈ ભટ્ટ.**

**નોંધ : કાવ્યને શિર્ષક અરૂણભાઈએ આપ્યું છે.**

### આ અંકનું સૌજન્ય

બાબુભાઈ ઠક્કર, ૩૦૧, જોલી ભવન નં.૧,
૧૦, ન્યુ મરીન લાઈન્સ, મુંબઈ - ૪૦૦ ૦૨૦.
તરફથી મળેલ છે, જેની હર્ષ તથા આભારની
લાગણી સાથે ઋણ સ્વીકાર કરીએ છીએ.

## પત્ર પ્રસાદી

પત્ર લખવામાં મોડું થયું છે પણ આ બહાને સત્સંગ જળવાઈ રહે તે હેતુ છે. શ્રીમદ્ અને ગાંધીજીએ પોતાની તપભૂત વાણી વડે અનેક પોષ્ટકાર્ડને ધન્ય બનાવ્યા છે.

કેવળ મુંબઈમાં જ નહિ, સત્સંગ સર્વત્ર દુર્લભ થઈ ગયો છે. ભારતની એ સંસ્કૃતિના દર્શન હવે ભાગ્યે જ થાય છે. રામકૃષ્ણ, વિવેકાનંદ, શાંતિનિકેતન અને વિદ્યાસાગર વિશે મારી રસપ્રદ વાતો સાંભળી વડોદરામાં એક બંગાળી શિલ્પકારે મને કહ્યું. ''અંકલ! આપકે દિમાગમેં જો બંગાલ હૈ વો અબ નહીં રહા.'' તેમની આ વાત મને સ્પર્શી ગઈ ! બધે જ આ સ્થિતિ છે. એક સરખા એપાર્ટમેન્ટ, એક સરખા રસ્તા, એક સરખી ભીડ, ટ્રાફિક જામ ! કોઈ સ્થળ અલગ લાગતું નથી. તીર્થસ્થાનો પણ પોતાનું મહત્વ ગુમાવી રહ્યા છે. કાળની થપાટે બધું ખેદાન મેદાન થઈ રહ્યું છે. વિશુધ્ધ જ્ઞાન કેવળ મહાપુરુષોની વાણીમાં કેદ બની ગયું છે. જ્ઞાન જીવાતું નથી.

**- હરકિસન જોષી, વંડાફલી, જામનગર.**

## લવાજમ મળેલ છે.

| | | |
|---|---|---|
| ૧. એમ. જે. મહેતા | - વડોદરા | ૩૫૦/- |
| ૨. નરેન્દ્રભાઈ ઝીંઝુવાડીયા | - અમરેલી | ૧૦૦/- |
| ૩. પ્રવીણભાઈ શાહ | - મલાડ | ૧૦૦/- |
| ૪. ધીરૂભાઈ વોરા | - બોરીવલી | ૧૦૦/- |
| ૫. અજીતભાઈ દોશી | - મુલુંડ | ૫૦૦/- |
| ૬. મનહરભાઈ ઘેલાણી | - મલાડ | ૧૦૦/- |
| ૭. રાજેશ એસ. કડકીયા | - અંધેરી | ૨૫૦/- |
| ૮. હસમુખભાઈ જોગીયા | - મલાડ | ૧૦૦/- |
| ૯. પૂ. સ્વામી અસંગાનંદજી | - હેરંજ | ૧૦૦/- |

**નોંધ: આપનું લવાજમ રમેશ એસ. દોશી બેંક ઓફ ઈંડીયા, મલાડ, મુંબઈ બ્રાંચ, ખાતા નંબર 003110100021366 માં ભરવા વિનંતી. Bank Code : IFSC BKID 0000031.**

---

**તમે કદી ચારિત્ર્યહીન પતંગિયું જોયું છે ?**
**એ એક ફૂલ પરથી બીજા ફૂલ પર જાય**
**તેને તમે કદીય બેવફાઈ કહી છે ?**

---

## આ અંકમાં


| | |
|---|---|
| રાજવાણી - સોક્રેટીસ અને પ્લેટોના જીવન સુત્રો | ૧ |
| જૈન સાહિત્ય જ્ઞાનસત્ર સમારોહ-૧૪મો | ૨ |
| મુનિશ્રી સતબાલજી | ૨ |
| પ્રેમનો પીયાલો તમને પાઉ ને પીઉ. | ૩-૪ |
| એક ઉદાર શિક્ષકની ઉદાર વાતો | ૫ |
| માતૃભાષામાં શિક્ષણ પ્રતિબદ્ધતા | ૬ |
| ગોવિજ્ઞાન ભારતી વેબસાઈટ - ભગવાન મદદ કરે છે. | ૬ |
| સચીનને પિતાનો પત્ર, કવિતા-પ્રતિક્રમણ | ૭ |
| પત્ર પ્રસાદી - લવાજમ | ૭ |
| ઍટિકેટ | ૮ |

**R.N.I. No.MAHGUJ / 2002 / 9750**

## ઍટિકેટ

બિલ નામનો એક છોકરો પરદેશની એક કૉલેજમાં ભણતો હતો. એ એક અત્યંત ગરીબ ઘરમાંથી આવતો હતો. કપડાંમાં કાણાં હોવાં કે બૂટ ફાટેલા હોવા એ બિલ માટે હંમેશની બાબત હતી. કૉલેજના છેલ્લા વરસમાં તો બિલ પાસે બૂટ લેવાના પૈસા પણ નહોતા. એ બૂટ વગર જ બધે આવતો-જતો.

એક રવિવારે બિલને અચાનક નજીકમાં આવેલા ચર્ચમાં જવાનું મન થયું. હવે બિલને ખબર નહોતી કે એ ચર્ચ અત્યંત રૂઢિચુસ્તોનું ચર્ચ છે, જેમાં પ્રવેશવા, બેસવા તેમ જ કપડાં માટેની પણ ખાસ રીતભાત જરૂરી હોય છે. બિલ તો બાપડો ભગવાનના ઘરમાં જવામાં વળી શરમ શેની? એમ ગણીને ઊપડ્યો. એ ચર્ચમાં પહોંચ્યો ત્યારે ચર્ચની કાર્યવાહી શરૂ થઈ ગઈ હતી. પાદરીએ પોતાનું વક્તવ્ય શરૂ કરી દીધું હતું.

બેસવાની જગ્યા માટે બિલે આજુબાજુ નજર કરી. એક પણ બેઠક ખાલી ન દેખાઈ. જે કોઈની બાજુમાં થોડીક જગ્યા હતી એને એ લોકોએ પહોળા થઈને દબાવી દીધી, જેથી આવો ગોબરો અને રીતભાત વગરનો યુવાન રખેને એમની બાજુમાં ન બેસી જાય. લોકોએ એકબીજા સામે જોઈને મોઢાં મરડી લીધાં. ટૂંકમાં, બિલનું આગમન કોઈને જરાય ગમ્યું નહોતું.

આ બાજુ બેસવા જગ્યા શોધતો બિલ છેક આગળની હરોળ સુધી પહોંચી ગયો. એણે જોયુ કે ક્યાંય એક પણ જગ્યા ખાલી નથી, એટલે એ ચાલવા માટેની બરાબર વચ્ચેની જગ્યામાં નીચે બેસી ગયો.

લોકોને આઘાત લાગ્યો. એ ચર્ચ માટે આવી રીતભાત બિલકુલ સ્વીકાર્ય નહોતી. વરસોની પ્રણાલી અને નિયમોનો ભંગ થતો જોઈને લોકો ઊંચા - નીચા થઈ ગયા, પરંતુ પાદરીનું પ્રવચન ચાલતું હતું એટલે કોઈ કાંઈ બોલ્યું નહીં.

એ વખતે જ પાદરી તેમ જ અન્ય લોકોનું ધ્યાન પાછળની હરોળમાંથી ઊઠીને હાથમાં લાકડી લઈને આવતા એક ઘરડા માણસ પર પડ્યું. સૂટબૂટમાં સજ્જન એ સિત્તરેક વરસના દાદા ચૂપચાપ બિલ તરફ આગળ વધી રહ્યા હતા. ચર્ચમાં હવે પાદરીના અવાજ સિવાયનો ગણગણાટ બંધ થઈ ગયો. બધાના મનમાં હતું કે ચર્ચના નિયમોનો ભંગ કરવા બદલ આજે તો પેલાને બે-ચાર લાકડી પડવાની જ! ત્યાં બેઠેલા કેટલાક અત્યંત રૂઢિચુસ્ત માણસો તો અંદરથી ખુશ થતા હતા કે એ ગોબરો યુવાન એ જ લાગનો છે!

એ દાદા ધીરે ધીરે ચાલતા બિલની બરાબર પાછળ પહોંચ્યા. એ ક્ષણે પાદરી પણ અટકી ગયા. આખા ચર્ચમાં ટાંકણી પડે તોપણ અવાજ આવે એવી શાંતિ છવાઈ ગઈ. દાદા બિલની એકદમ નજીક પહોંચ્યા. પોતાના હાથમાંની લાકડી નીચે મૂકી પછી બિલના ખભાનો સહારો લઈને નીચે બેઠા. બિલે એકદમ નવાઈથી એમની સામે જોયું તો એ બસ એટલું જ બોલ્યા કે, બેટા! આ તો તને એકલું ન લાગે ને એટલે તારી જોડે બેસવા માટે આવ્યો છું!

આ બધું જોઈ રહેલા પાદરીની આંખો ભરાઈ આવી. બધાની તરફ જોઈને એ એટલું જ બોલ્યા કે, હું જે ભાષણ આપવાનો છું એ કદાચ તમને યાદ નહીં રહે, પરંતુ હા, તમે જે અહીં જોયું એ તમે ક્યારેય નહીં ભૂલી શકો. આપણે સૌ ભગવાનનાં જ સંતાનો છીએ. જલદીથી ઊંચનીચ ગણતા થઈ જઈએ છીએ એટલે મારી તમને સૌને સલાહ છે કે જાળવીને જીવતા શીખો, કારણકે કોઈ દિવસ તમારી જિંદગી જે એક બાઈબલ બની રહેશે કે એને ક્યારેક કોઈક વાંચશે!

**- તાણાવાણા-૯ માંથી સાભાર.**

હે પ્રભુ! દુનિયાની એક પણ વ્યક્તિ વિશે મારા મનમાં
કડવા બીજ ન રોપાય એવી પ્રેમળતા આપ.
બીજાઓની બુધ્ધિથી હું અનેકવાર અંજાઈ જાઉં છું, તણાઈ
જાઉં છું, પ્રવાહમાં ખેંચાઈ જાઉં છું, અને સત્ય મારા
હાથમાંથી સરી પડે છે.
મારું મન બીજાના બૌધ્ધિક જાદુથી મુક્ત રહે એવી
હે પ્રભુ! તું મને વિવેક બુધ્ધિ આપ. મારો અંતરાત્માએ
જ મારું ચાલક અને પ્રેરક બળ બનો.

- બબલભાઈ મહેતા

**Post Registration No. MNW/277/2015-17**
"Licence to Post Without Pre Payment"
WPP-Lic. No. MR/Tech/WPP-330/NW/2016
RNI No. MAHGUJ/2002/9750
Posted at Liberty Garden, P.O.
on 5th or 6th of every month.



**ગોરક્ષા પાત્ર**
**गाय बैल बचेंगे**
**देश बचेगा**

To,

**ગોરક્ષા પાત્ર વતી માલિક, મુદ્રક, પ્રકાશક અને સંપાદક**
**રમેશ એસ. દોશી (નિમિત માત્ર)**
**બી/૬૦૧, નંદનવન કો.ઓ.હા.સો.લિ.**
**નરસિંગ લેન, ડી.એસ. નગર, મલાડ (પશ્ચિમ),**
**મુંબઈ- ૬૪. મો.નં.: ૭૫૦૬૭૫૦૨૫૧, ૯૪૨૭૬૬૩૪૭૩**
Email: doshir65@gmail.com **થી પ્રકાશિત કર્યું.**
**મુદ્રણ સ્થળ : ગોગરી ઓફસેટ, વાગરી પાડા, એ.કે. રોડ,**
**અંધેરી (ઈ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.**
**પ્રેરક : સત્પુરૂષોની પ્રેરણા અને આશીષ.**